# ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ

| પરીક્ષાર્થી ક્રમાંક |
| --- |
| |

## શિક્ષણ વિદ્યાશાખા(IASE)

## બેચલર ઑફ એજ્યુકેશન (બી.એડ્./ हिन्दी बी.एड.) : સત્ર – 2

## વસંત પંચમીસત્ર, સત્રાંત પરીક્ષા : મે-2025

## BED204/HBED204(GUJ) : ગુજરાતીનું અધ્યાપનશાસ્ત્ર

તા. : - 05-05-2025 સમય : 8-00 થી 10-30

વાર :- સોમવાર કુલગુણ : 60

---

અધ્યયન નીપજ

1. ગુજરાતી ભાષા શિક્ષણની પદ્ધતિઓ અને પ્રયુક્તિઓનો અધ્યાપનમાં ઉપયોગ કરે.
2. ગુજરાતી ભાષા શિક્ષણની વિવિધ પદ્ધતિઓના લાભાલાભ સમજે.
3. ગુજરાતી ભાષા શિક્ષણને અસરકારક બનાવતી પ્રયુક્તિઓના લાભાલાભ સમજે.
4. ગુજરાતી ભાષા શિક્ષણને અસરકારક બનાવતી પ્રવૃત્તિઓના લાભો જાણે.
5. ગુજરાતી ભાષાનાં શિક્ષણમાં ICTની ભૂમિકા સમજે.
6. ગુજરાતી ભાષાનું શિક્ષણકાર્ય અસરકારક બનાવતી પદ્ધતિઓ-પ્રયુક્તિઓ સમજે.
7. ત્રિપરિમાણદર્શક સારણી તૈયાર કરી વિવિધ પ્રકારના પ્રશ્નોની રચના કરે.

---

પ્રશ્ન-1. નીચેનામાંથી કોઈ પણ પાંચ પ્રશ્નના જવાબ લખો. (20)

1. ગુજરાતી ભાષા શિક્ષકની સજ્જતા જણાવો.
2. શ્રવણ કૌશલ્ય વિકસાવવા માટે શું કરી શકાય ?
3. પ્રદર્શન પદ્ધતિની ઉપયોગિતા જણાવો.
4. કવિસભાના ફાયદાઓ વર્ણવો.
5. લેખન કૌશલ્યમાં નિદાન અને ઉપચાર સમજાવો.
6. વાર્તાકથન પ્રયુક્તિનું મહત્ત્વ જણાવો.
7. કાવ્યગાનના લાભો લખો.

પ્રશ્ન 2. નીચેનામાંથી કોઈ પણ બે પ્રશ્નોના જવાબ લખો. (20)

1. વર્તમાન સમયમાં ગુજરાતી ભાષા શિક્ષણમાં જોવા મળતી ખામીઓ જણાવો.
2. નાટ્યીકરણ પદ્ધતિના લાભાલાભ જણાવો
3. વિવિધ પ્રશ્ન પ્રકારો સમજાવો.

પ્રશ્ન 3. નીચેનામાંથી કોઈ પણ ત્રણ પ્રશ્નોના જવાબ લખો. (15)

1. શિક્ષણ પદ્ધતિ પસંદ કરતી વખતે કઈ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ ? શા માટે?
2. ગુજરાતી ભાષા ખંડ કેવો હોવો જોઈએ તે જણાવો.
3. કથન કૌશલ્યની સંકલ્પના સ્પષ્ટ કરી તેનું મહત્ત્વ લખો.
4. પ્રશ્નોત્તરીના લાભો જણાવો.
5. શબ્દરમતો ઉદાહરણ સાથે સમજાવો.

પ્રશ્ન 4. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં જવાબ લખો. (05)

1. વાચન કૌશલ્યમાં જોવા મળતી બે ખામી જણાવો.
2. ભાષાના કૌશલ્યોનો વિકાસક્રમ જણાવો.
3. અંધજનો ભાષાના કયા સ્વરૂપનો ઉપયોગ કરે છે?
4. માતૃભાષા શિક્ષણમાં ઉપયોગી બને તેવા બે ઉપકરણોનાં નામો લખો.
5. આદર્શવાચન કરતી ધ્યાનમાં રાખવાની બે બાબતો લખો.

-------*-------